# <u>મે. શ્રી જજ લેબર કોર્ટ તથા જ્યુડી.મેજી.(ફસ્ટ.ક.) સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા</u>

ફો.કે.નં.:– ૩૦/૨૦૧૮
આંક–૪૩

ફરીયાદી :– EMPLOYEE'S STATE INSURANCE CORPORATION,
SUB REGIONAL OFFICE,
URMI SOCIETY, ALKAPURI, VADODARA.
THROUGH
BRANCH OFFICE MANAGER, ESI CORPORATION
AT. HALOL., DIST-PANCHMAHAL. OR HIS SUCCESSOR.

:: વિરૂધ્ધ ::

આરોપી :– (1) M/S. CONFIDENCE PETROLIAM INDIA LTD.
SURVEY NO. 338, P.O. NOORPURA,
HALOL, DIST-PANCHMAHAL. 389350.

(2) MR. YATIN KHARA
404, SATYAM APARTMENT. VARDHA ROAD, NAGPUR,
MAHARASHTRA.

(3) MR. ILESH KHARA
404, SATYAM APARTMENT. VARDHA ROAD, NAGPUR,
MAHARASHTRA.

ફરીયાદ પક્ષે :– વકીલશ્રી એસ.જે.પાંડે
આરોપી તરફે :– વકીલશ્રી એસ.જે.શાહ

<u>ગુનો:</u>– ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ ની કલમ–૮૫(એ) સાંથે વાંચતા ઈ.એસ.આઈ. (સામાન્ય) નિયમો, ૧૯૫૦ ના નિયમ ૨૯ અને ૩૧ તથા ઈ.એસ.આઈ. એકટ કલમ ૮૫(ઈ) સાથે વાંચતા કલમ ૪૩, ૪૪ અને નિમય ૨૬ તથા ઈ.એસ.આઈ.એકટ કલમ ૮૫(જી) સાથે વાંચતા કલમ ૪૫ મુજબના ભંગ બદલ...

**-: ઠ રા વ :-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી એટલે કે ઈ.એસ.આઈ. કોર્પોરેશન વતી તેમના બ્રાંચ મેનેજર/ઓફીસર ઘ્વારા સદરહું ફરીયાદ દાલખ કરી જણાવેલ છે કે તેઓ સદરહું એકટ હેઠળના જાહેર સેવક છે અને તેમને કોર્પોરેશન ઘ્વારા સદરહું ફરીયાદ દાખલ કરવાની સત્તા આપવામાં આવેલ છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ M/S. CONFIDENCE PETROLIAM INDIA LTD. ફેકટરી/સંસ્થા ને ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ લાગુ પડે છે અને તેમને ઈ.એસ.આઈ. એકટ હેઠળ આવરી લેવામાં આવેલ છે અને તેમને ESI Code No. 38000138410000699 આપવામાં આવેલ છે. M/S. CONFIDENCE PETROLIAM INDIA LTD. ફેકટરી/સંસ્થા જે હાલોલ ખાતે આવેલ છે અને આરોપીઓ આ સંસ્થાના PRINCIPAL EMPLOYERS છે અને તેની દેખરેખ અને નિયંત્રણ માટે જવાબદાર છે. વધુમાં જણાવેલ છે કે, ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ ની કલમ-૮૫(એ) સાંથે વાંચતા ઈ.એસ.આઈ. (સામાન્ય) નિયમો, ૧૯૫૦ ના નિયમ ૨૯ અને ૩૧ તથા ઈ.એસ.આઈ. એકટ કલમ ૮૫(ઈ) સાથે વાંચતા કલમ ૪૩, ૪૪ અને નિમય ૨૬ તથા ઈ.એસ.આઈ.એકટ કલમ ૮૫(જી) સાથે વાંચતા કલમ ૪૫ મુજબ આરોપીઓએ આ કાયદા હેઠળ યોગદાન ચુકવવું જરૂરી છે. જે યોગદાન તે મહીનાની છેલ્લી તારીખ પછી ૨૧ દિવસમાં ચુકવવાનું હોય છે. સદરહું સંસ્થાના દરેક કર્મચારી માટે ઈ.એસ.આઈ. ફંડ એકાઉન્ટમાં નિયત કરેલ દરે એમ્પ્લોયર તથા એમ્પ્લોઈ બંનેનો ભાગ જમા કરાવવાનો હોય છે. પરંતુ આરોપીઓએ ૦૧/૧૧/૨૦૧૨ થી ૩૧/૦૫/૨૦૧૩ સુધીના સમયગાળા માટે નિયમ મુજબના વ્યાજ સહીતનું જરૂરી યોગદાન ચુકવેલ ન હોય, જે રીતે આરોપીઓએ ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ ની કલમ-૮૫(એ) સાંથે વાંચતા ઈ.એસ.આઈ. (સામાન્ય) નિયમો, ૧૯૫૦ ના નિયમ ૨૯ અને ૩૧ તથા ઈ.એસ.આઈ. એકટ કલમ ૮૫(ઈ) સાથે વાંચતા કલમ ૪૩, ૪૪ અને નિમય ૨૬ તથા ઈ.એસ.આઈ.એકટ કલમ ૮૫(જી) સાથે વાંચતા કલમ ૪૫ મુજબ નો ભંગ કરી ગુનો કરેલ એ મુજબની ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજી જતાં જે તે વખતે આરોપીઓ જાતે હાજર રહેલ અને તેમને ફરીયાદને લગતા કાગળોની નકલ આપવામાં આવેલી. ત્યારબાદ આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ આરોપીઓ તરફે તેમના ઓર્થોરાઈઝડ પર્સન હાજર થતાં, આરોપીઓ વતી ગુનાની કબુલાત પુરશીસ **આંક–૩૯** થી રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીઓ તરફે તેમના ઓર્થોરાઈઝડ પર્સને ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા તેમને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી ઓ વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપી ધ્વારા **આંક–૪૦ થી ૪૨** થી પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપીઓ ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આ કામના ફરીયાદી તરફે વકીલશ્રીની રજુઆત ધ્યાને લેતા તેમજ ફરીયાદપક્ષે નામદાર સુપ્રીમકોર્ટ ના **Employees State Insurance Corporation V/s. A. K. Abdul Samad & Anr, (Cri. App. No.1065-1066 Of 2005),** ના ચુકાદા ઉપર આધાર રાખી કાયદાની જોગવાઈ મુજબ દંડ કરવા અરજ કરેલ છે. સદર ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે વંચાણે લીધેલ છે. જયારે આ કામના આરોપી તરફે આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેનાં ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. ફરીયાદની હકીકતો લક્ષમાં રાખતા આરોપીઓનું પ્રથમ ગુનો હોય તે લક્ષમાં રાખતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકરો રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના

આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે. તેમજ તેની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

**(૧)** સદર કામના આરોપીઓને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫** અન્વયે **ઈ.એસ.આઈ. એકટ, ૧૯૪૮ ની કલમ–૮૫(એ) સાંથે વાંચતા ઈ.એસ.આઈ. (સામાન્ય) નિયમો, ૧૯૫૦ ના નિયમ ૨૯ અને ૩૧ તથા ઈ.એસ.આઈ. એકટ કલમ ૮૫(ઈ) સાથે વાંચતા કલમ ૪૩, ૪૪ અને નિમય ૨૬ તથા ઈ.એસ.આઈ.એકટ કલમ ૮૫(જી) સાથે વાંચતા કલમ ૪૫ મુજબના** ભંગ બદલ તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) લેખે **કુલ રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીઓએ **કુલ રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) દંડ** ભરવો.

આ હુકમ આજ રોજ તા.૧૪ મી માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : ગોધરા**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**મજુર અદાલત, ગોધરા.**

**–: સાદર રજુ :–**

**આરોપી ધ્વારા દંડની રકમ રૂા..................................**
**(અંકે રૂપીયા................................................)**
**પહોંચ નં....................મુજબ ભરપાઈ કરવામાં આવેલ છે.**

**તા. : ૧૪/૦૩/૨૦૨૬**

**સબ–એકાઉન્ટન્ટ**
**મજુર અદાલત,ગોધરા.**